સાવ જૂઠું જગત કોઈ તારું નથી,
મૂક સઘળી મમત કોઈ તારું નથી.

કોણ કોનું? અને એય પણ ક્યાં લગી?
છે બધું મનઘડત કોઈ તારું નથી.

કોઈ ઉંબર સુધી કોઈ પાદર સુધી,
છેક સુધી સતત કોઈ તારું નથી.

કોઈ એકાદ જણ, એય બેચાર પળ,
કે અહીં હરવખત કોઈ તારું નથી.

જે પળે જાણશે સોંસરો સળગશે,
આ બધી છે રમત કોઈ તારું નથી.

કઈ રીતે હું મનાવું તને બોલ મન,
બોલ, લાગી શરત કોઈ તારું નથી.

◆

ચલ બાળકની જેમ બધું ઝટ ભૂલી જઈએ,
આ હોવું, હોવાની ઝંઝટ ભૂલી જઈએ.

સાત ખોટની હોય ભલે રટ ભૂલી જઈએ,
આગ એક જે લાગી ઘટઘટ ભૂલી જઈએ.

બળમાં છે, છો સૌથી બળકટ ભૂલી જઈએ,
ખેલી લઈએ જીવ સટોસટ ભૂલી જઈએ.

આંખો, આંગણ શેરી, પાદર થાક્યા પાક્યા,
કોણ કહે કોને? એ આહટ ભૂલી જઈએ.

એમ ફક્ત મળવાથી શું વળવાનું 'મિસ્કીન'
શરત એ જ છે નામ અને વટ ભૂલી જઈએ.

◆

ફરતી કાંટાળી વાડ કરે,
સગપણ આવાં પણ લાડ કરે.

બાળક જેવું આ સૂનું મન,
સાંઠકડી રોપી ઝાડ કરે.

ક્યારેક નરી આ એકલતા,
ટોળાં જેવી રજાંડ કરે.

તું ફૂલ હશે ભૂલી જઉં છું,
ઝરણાં વ્હેતાં તો પ્હાડ કરે.

મિસ્કીન ઊંચાઈ માપ નહીં,
શું બાવળ કે શું તાડ કરે.

◆

શું સાંભળવા ઝંખે છે મન, હર વાત અધૂરી લાગે છે,
આ કોણ નથી સંગાથે કે શરૂઆત અધૂરી લાગે છે.

એ રંગ કયો આંખે ઘૂંટ્યો? ભીતરથી જાય નહીં છૂટ્યો,
એ રંગ-ભાતને શું નિસ્બત? હર ભાત અધૂરી લાગે છે.

એમાં થોડું જો સ્મિત ભળે આખો અવસર અજવાળી દે,
આ હુંપદ કેવું ખટકે છે? સોગાત અધૂરી લાગે છે.

જે મૌન મહીં ઘૂંટી હરપળ જે રાત-દિવસ ભીતર ખળખળ,
એ વાત વિનાની તો સઘળી રજૂઆત અધૂરી લાગે છે.

સઘળું છોડીને આવી છે મનગમતા સૌને લાવી છે,
આખરની પળ, આખરવેળા... કાં રાત અધૂરી લાગે છે?

ક્યાં ખોટ કશાની છે ઘરમાં? જીવું છું જાણે અવસરમાં,
આ કોણ યાદ આવ્યું મિસ્કીન કે જાત અધૂરી લાગે છે.

◆

આ પાર તરસવાનો ઓ પાર તરસવાનો,
કાંઠા રૂપે મળ્યો છે વિસ્તાર તરસવાનો.

વચ્ચે રહ્યો છે ઝૂલી એક પુલ 'સ્મરણ ઝુલા'.
ને એ જ મૂળમાં છે આધાર તરસવાનો.

ક્યારેક વીરડામાં ક્યારેક પૂર સામે,
હર રૂપ-રંગ માંહે પડકાર તરસવાનો.

લીધા પછીય ક્યાં સુખ? મૂક્યા પછીય ક્યાં સુખ?
હર શ્વાસને મળ્યો છે ધબકાર તરસવાનો.

આ પણ છે એ જ મારગ, મસ્તક છે મૂકવાનું,
એક વાર ગયો તરસી, સો વાર તરસવાનો.

કાશીએ પણ જઈશું, કરવત મુકાવશું મન,
ને માગશું ફરીથી અવતાર તરસવાનો.

◆

વરસ ઓણ પણ નીકળ્યું સાવ માઠું,
તરસને મળી તક બતાવાને કાઠું.

હતા આમ તો વાન ભીને ને તેમાં,
મળ્યું લાગણી નામનું એક લાખું.

હતું સાવ તોફાની બાળક શું સપનું,
સદા વાડ કૂદીને આવ્યું ને નાઠું.

હવે શ્વાસ પણ મા સમાણી જ ગાળો,
કહો ક્યાં લગી આમ ચૂપચાપ સાંખું.

હતો વ્યાસ રાજેશ એ કોઈ કાળે,
હવે તો સળગતી જ રેતીનું ભાઠું.

◆

કૈં અજબ તરસીને તરસાવી ગયા,
આપણે ફાવટ વગર ફાવી ગયા.

કોણ ભીતર ભાવનું ભૂખ્યું હતું,
જે મળ્યું એ સર્વ અપનાવી ગયા.

એક પણ પાનું ન વાંચ્યું કોઈ દી,
ગ્રંથ સઘળા એ જ સમજાવી ગયા.

જિંદગીભર સાથ મન ઝંખ્યા કરે,
હાથ છેલ્લે એમ લંબાવી ગયા.

સાવ તરસી આંખમાં એનાં સ્મરણ,
આજ પણ છલક્યાં ને છલકાવી ગયા.

મ્હેં બચાવ્યાં જેને કપરા કાળમાં,
તક મળી ત્યારે એ સપડાવી ગયા.

તોડતો પળપળના પથ્થર એકલો,
એ સહજ પાતાળ પ્રગટાવી ગયા.

એ બધાં તો નીકળ્યાં સપનાં ફક્ત,
ભરબપોરે રણમાં રઝળાવી ગયાં.

નામ કોનાં કોનાં ગણશું ક્યાં લગી?
સૌ કલા પોતાની અજમાવી ગયાં.

◆

બેચાર પગથિયાંની અગર ચઢ-ઊતર રહે,
પ્રત્યેક મુલાકાત સહજ ને સભર રહે.

શબ્દો સ્વયમ્ છે બ્રહ્મ હમેશાં ખબર રહે,
વાણી શું મૌનમાંય તે ધારી અસર રહે.

આ શું કે તું સદાય ઉપર ને ઉપર રહે,
આ શું કે અમારોય સદા ઊંચો સ્વર રહે.

એ પણ ખરું કે કોઈ વગર ચાલતું નથી,
આ પણ ખરું એકાન્ત આ સાલ્યા વગર રહે.

અત્તરને છાંટવાના અભરખાઓ મૂક મન,
કર એવું તું જ ખુશ્બુ બને તરબતર રહે.

મિસ્કીન હું જ ઝોકે ચઢી જાઉં છું નહીંતર,
એનું સ્મરણ, એ સ્પર્શ તો આઠે પ્રહર રહે.

◆

કૈં એમ એક પછી એક બધું ખોવાયું,
આમ લાગે જ નહીં હોય કશું ખોવાયું.

અનેક સાંજ ગઈ ડૂબી શોધમાં એની,
કદી મળ્યું જ નથી એવું ઘણું ખોવાયું.

ગયો તો એક દિવસ વળવા ભીડમાં ટોળે,
કાળજે જોયું તો જાણ્યું કે ગજું ખોવાયું.

નથી નથી જ જડ્યું કોઈને ફરી અહીંયાં.,
ગયો એ સુખને શોધવા ત્યાં નવું ખોવાયું.

ખબર પડી તો પડી છેક છેવટે 'મિસ્કીન',
હું જ ખોવાયો'તો, ક્યાં કૈં જ હતું ખોવાયું?

◆

એ ઘર નથી કે થાય જૂનાં ગાબડાં પડે,
સપનાંઓ તો હજુય ઊભાં છે કડેધડે.

મૂંગાના સ્વપ્ન જેવું છે અજવાળું લોહીમાં,
મારામાં કોઈ બારણાની જેમ ઊઘડે.

ન જાણે કેમ? કોઈ ચરણમાં ઢળી પડું,
બળ તો હજુય એ જ ભર્યું છે આ બાવડે.

હા નામ ગઝલ, ધર્મ ગઝલ, જાતિ પણ ગઝલ,*
અમને ગઝલ સિવાય કશું પણ ન આવડે.

કહેજો કમાય છે હવે રાજેશ જા ઘરે,
એ ભૂખ્યો, તરસ્યો રાજીયો જો કોઈને જડે.

◆

---

** આદિલના એક શેરની યાદમાં*

ક્યાં જશે આ પ્રાણ અન્તરિયાળ કે રોકા જરી,
લાગણીઓ પર મુકાશે આળ કે રોકા જરી.

કોણ લે ત્હારા વગર સમ્ભાળ કે રોકા જરી,
દુઃખ હજુ છે સાવ ન્હાનું બાળ કે રોકા જરી.

કેટલો ચાલે છે કપરો કાળ કે રોકા જરી,
તું થકી છે પણ્ડની કૈં ભાળ કે રોકા જરી.

‘આવજે’ કહેતાં પડે છે ફાળ કે રોકા જરી,
આ ક્ષણો છે પારધીની જાળ કે રોકા જરી.

નીકળી જાજે પરોઢે સાવ ઠણ્ડે વાયરે,
છે દસે દિશામાં ઊઠી ઝાળ કે રોકા જરી.

શક્ય છે કે કાલ પસ્તાવો જ કરવાનો રહે,
આજનું એકાન્ત છે વિકરાળ કે રોકા જરી.

કે ફરીથી કઈ રીતે ને ક્યાં હશે મળવું લખ્યું?
ખૂબ ઝડપી છે જીવન-ઘટમાળ કે રોકા જરી.

થોડોય જાત સાથે પરિચય કરી શકું,
આ પાર કે ઓપારનો નિર્ણય કરી શકું.

એવું દે દર્દ વિશ્વને વિસ્મય કરી શકું,
અંદર બહાર સઘળું ગઝલમય કરી શકું.

કાં તો શીખવ કે સૌથી સહજ પર બની શકું,
કાં તો શીખવ કે સૌનો સમન્વય કરી શકું.

કાણી આ હથેળી છે પરંતુ મઝા જુઓ,
ધારું છું ત્યારે પાત્ર એ અક્ષય કરી શકું.

મારે તો તને જોવી છે તેથી ઉદાસ છું,
ઇચ્છું તો તને આ પળે તન્મય કરી શકું.

◆

વર્ષો પછીથી વાત કરી એય આમતેમ,
એકેક પળ અમૂલી સરી એય આમ... તેમ.

સઘળું તો યાદ હુંય કરાવી શક્યો નહીં,
એણેય સ્મૃતિ તાજી કરી એય આમતેમ.

લે! તું જ કહે કઈ રીતે ગોઠે આ જીવવું,
આંખોમાં એક સાંજ ઠરી એય આમ તેમ.

સંગાથ સરસ જોઈ યાદ મોકલી હતી,
શું થઈ ગયું કે પાછી ફરી એય આમતેમ.

મિસ્કીન એ પછી તો બહુ લાગ્યો એકલો,
એક સાંજ હતી આશા ભરી, એય આમતેમ.

◆

કોઈ મારું ન થયું, કોઈ સંબંધો ન તૂટ્યા,
ડાળખી સાવ લીલી રહી અને પર્ણો ન ફૂટ્યાં.

કોઈ ગોફણના જાણે હોઈએ અમે પથ્થર,
ક્ષણોના હાથમાંથી રોજ એ રીતે છૂટ્યા.

લો ત્યારે આવજો મળશું સ્મરણના મેળામાં,
એક તો દૂરનાં સગપણ અને અંજળ જ્યાં ખૂટ્યાં.

ખબર ન રહી કે આરપાર જઉં છું વીંધાતો,
ફૂલ આવેશમાં આવીને કેટલાં ચૂંટ્યાં?

ભરીને ખોળામાં એની કરચ ગણું સપનાં,
એના હાથેથી જે મિસ્કીન આયના ફૂટ્યા.

◆

હૃદય ચિરાઈ ગયું એ તળાવની માફક,
તને લઈને વહ્યું'તું જે નાવની માફક.

અશક્ય છે હવે રહેવું સ્વભાવની માફક,
તને જ કરશું રજૂ મન બચાવની માફક.

હવે આ હોવું સ્વયં છે તનાવની માફક,
મઝા છે એ કે મળ્યું છે લગાવની માફક.

પરિસ્થિતિ ગમે તે હો વહી જવાનું છે,
દુહા કે બહેરે હઝઝ કે કટાવની માફક.

ભલેને લાગણીઓ લાગે અમૂલી મિસ્કીન,
ભુલાઈ જાશે આખરે બનાવની માફક.

◆